ગંગા સ્વરૂપા આર્થિક સહાય યોજના અને વ્હાલી દીકરી યોજનામાં ફેમિલી આઈ.ડી. યોજનાના અમલીકરણ બાબત.

ગુજરાત સરકાર

મહિલા અને બાળ વિકાસ વિભાગ

ઠરાવ ક્રમાંક :WCDD/MIS/e-file/23/2025/0616/A

સચિવાલય, ગાંધીનગર.

**વંચાણે લીધા :**

(૧) સામાન્ય વહીવટ વિભાગ (આયોજન પ્રભાગ) ના તા.૨૩/૦૫/૨૦૨૪ ના પત્ર ક્રમાંક: GAD/MTG/e-file/1/2024/2024/Family ID.

(૨) કમિશ્નર, મહિલા અને બાળ વિકાસની કચેરીનો તા.૦૧/૦૭/૨૦૨૪નો પત્ર.

**આમુખ :**

સામાન્ય વહીવટ વિભાગની વંચાણે લીધેલ ક્રમાંક-૧ની કાર્યવાહી નોંધમાં સૂચવ્યા મુજબ "કુટુંબ ઓળખપત્ર" ફેમિલી આઈ.ડી. યોજનાના અમલીકરણ માટેના રોડ મેપમાં પ્રાથમિક તબક્કામાં સામેલ કરી શકાય તેવી આ વિભાગ હસ્તકની ગંગા સ્વરૂપા આર્થિક સહાય યોજના અને વ્હાલી દીકરી યોજનાના ફિઝિકલ અને ઓનલાઇન અરજી ફોર્મમાં (૧)આધારનંબર, (૨) રેશન કાર્ડ નંબર (૩) રેશન કાર્ડ મેમ્બર આઈ.ડી અને (૪) ફેમિલી આઈ.ડી ડમી ફિલ્ડ જેવી વિગતો ઉમેરવા નિયામકશ્રી(મહિલા કલ્યાણ), મહિલા અને બાળ વિકાસ કમિશ્નરની કચેરી દ્વારા વંચાણે લીધેલ ક્રમાંક (૨)ના પત્રથી આ બાબતે દરખાસ્ત દરખાસ્ત કરવામાં આવેલ હતી, જેને મંજૂરી આપવાની બાબત વિચારણા હેઠળ હતી.

**ઠરાવ:**

પુખ્ત વિચારણાને અંતે મહિલા અને બાળ વિકાસ વિભાગ હસ્તકની ગંગા સ્વરૂપા આર્થિક સહાય યોજના અને વ્હાલી દીકરી યોજનાઓના ફિઝિકલ અને ઓનલાઈન અરજી ફોર્મમાં (૧) આધાર નંબર (૨) રેશન કાર્ડ નંબર (૩) રેશન કાર્ડ મેમ્બર આઈ.ડી અને (૪) ફેમિલી આઈ.ડી ડમી ફિલ્ડ વિગતો ઉમેરવાની આથી મંજૂરી આપવામાં આવે છે.

આ ઠરાવ વિભાગની સરખા ક્રમાંકની ફાઈલ પર સચિવશ્રીની તા. ૨૫/૦૬/૨૦૨૫ ની નોંધથી મળેલ અનુમતિ અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાત રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે.

(હાર્દિક વી. ભીલ)

ઉપ સચિવ

મહિલા અને બાળ વિકાસ વિભાગ

**નકલ રવાના: -**

- માન.મંત્રીશ્રી (મ.બા.ક) ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- સચિવશ્રી, મહિલા અને બાળ વિકાસના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- નિયામકશ્રી (મહિલા કલ્યાણ), મહિલા અને બાળ વિકાસની કચેરી, બ્લોક નં.૨૦, ડો.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- સેક્શન અધિકારીશ્રી (આયોજન પ્રભાગ), સામાન્ય વહીવટ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સિસ્ટમ મેનેજર, મહિલા અને બાળ વિકાસ વિભાગ, વિભાગની વેબસાઇટ પર મુકવા જરૂરી કાર્યવાહી કરવા સારૂં.
- સિલેક્ટ ફાઇલ.

Signature Not Verified

Signed by: H V Bhil
Under Secretary
Date:2025.08.04
12:45:13 +5:30



Open the document in Adobe Acrobat DC to verify the E-sign